# “ઘઉં સુકાય છે...પાણી આપો... પાણી આપો...”ના નારા લાગ્યા

## મેશ્વો ડેમમાંથી બે વખત પાણી આપ્યા પછી ત્રીજા રાઉન્ડના પાણી માટે તાતનો પોકાર

અરવલ્લી જીલ્લામાં સિંચાઈની ખેતી પર અનેક ખેડૂતો નિર્ભર છે. મેશ્વો ડેમમાંથી રવિપાક માટે પ્રથમ અને બીજા રાઉન્ડમાં પાણી છોડવામાં આવતા મેશ્વો કેનાલ વિસ્તારની ૨૦૦૦ હેક્ટર જમીનને સિંચાઈનો સીધો ફાયદો થયો હતો. બે રાઉન્ડ પાણી અપાયા બાદ ત્રીજા અને ઘઉં તેમજ બટાકાના પાક માટે તાતી જરૂરિયાત સમયે શિયાળુ પાક માટે પાણી ન આવતું હોવાથી અત્યારે શિયાળુ પાક મુરઝાઈ રહ્યો છે ખેડૂતોએ ૯૦૦ રૂપિયે મણ ઘઉં અને ૩૦૦૦ રૂપિયે બટાકાનું બિયારણ માથે પડે તેવી ભીતી પેદા થતા ખેડૂતો પાણીની માંગ કરી રહ્યા છે. મોડાસા તાલુકાના રસુલપૂર ગામ નજીકથી પસાર થતી મેશ્વો કેનાલ પાસે ખેડૂતો એકઠા થઈ પાણી આપોની માંગ કરી હતી.



ખેડૂતોની માંગને પગલે અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચતા ત્રીજા રાઉન્ડના પાણી માટે ઉગ્ર રજુઆત કરી હતી.

મેશ્વો ડેમની સિંચાઈનો લાભ મેળવી ખેતી પર નિર્ભર રહેતા ખેડૂતો મેશ્વો ડેમમાંથી રવિ પાકને બહુ મૂલ્ય એવા ત્રીજા પાણીનો રાઉન્ડ માટે કેનાલમાં પાણી નહિ છોડતા ખેડૂતો મોટા પ્રમાણમાં રસુલપૂર પાસે એકઠા થઈ પાણી આપો પાણી આપો ઘઉં બચાવો ખેતી બચાવોના નારા લગાવતા જવાબદાર તંત્રના અધિકારીઓ દોડતા થયા હતા. મેશ્વો સિંચાઈનો લાભ ૬ હજાર ખેડૂતોને થતો હોવાથી હાલ ત્રીજા રાઉન્ડના પાણી માટે માંગ કરી રહ્યા છે. અંદાજે ૪૬૦૦ હેકટર જેટલી જમીન પર વાવણી કરેલ રવી પાક પર સંકટ તોળાઈ રહ્યું છે બીજુબાજુ અધિકારીઓએ ટૂંક સમયમાં પાણીનો રાઉન્ડ છોડવાનું આશ્વાસન આપ્યું હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

### કોરોનાને હરાવવા સંજીવની પહોંચી

# બીજી બાજુ રાજ્યના ૩૩ હજાર જેટલા આરોગ્ય કર્મીઓ હડતાળ પર ઉતરી સરકારનું નાક દબાવ્યું

કોરોના વેક્સિનનો પ્રથમ જથ્થો મંગળવારે સવારે પુણે ના સીરમ ઈન્સ્ટિટ્યૂટથી અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચતા પહોંચી ગયો છે. વેક્સીનને આવકારવા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ગૃહ મંત્રી પ્રદીપસિંહ જાડેજા અને આરોગ્ય કમિશ્નર જયંતી રવી એરપોર્ટ પર પહોંચી કંકુ ચોખાથી પૂજા કર્યા બાદ વેક્સીનને આવકારી કોરોના વેક્સીનને ગાંધીનગર સ્ટોરેજ સેન્ટર તરફ રવાના કરાઈ છે અને ૧૬મી જાન્યુઆરીથી ગુજરાતમાં કોરોનાની રસી આપવાની કામગીરીનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ઘાટ સર્જાયો છે. રસીના આગમન સમયે જ રાજ્યના આરોગ્ય કર્મચારીઓ તેમની પડતર માંગણીઓને લઈને હડતાળનું શસ્ત્ર ઉગામી રાજ્યના ૩૩ હજાર આરોગ્ય કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી જતા રાજ્યમાં વેક્સીનેશન કાર્યક્રમ ડામાડોળ થવાની સંભાવનાઓ પેદા થઈ છે અરવલ્લીમાં આરોગ્ય કર્મીઓ હડતાલ પર ઉતરી તેમની



પડતર માંગણીઓને લઈને જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું.

આરોગ્ય કર્મચારીઓના વણઉકેલ્યા પ્રશ્નો અંગે આરોગ્ય મંત્રી નીતિન પટેલને વારંવાર રજૂઆત કર્યા બાદ પણ કોઈ નિવેડો આવી શકયો નથી. આરોગ્ય સચિવ ડો.જયંતિ રવિ સાથે પણ બેઠક યોજાઈ હતી તેમ છતાંય પ્રશ્નો ઉકેલાઈ શકયા નથી. આરોગ્ય વિભાગે કર્મચારીઓની પ્રશ્નોનો ઉકેલ લાવવામાં નીરસતા દાખવતા કોરોના વેક્સીન આગમન ટાણે જ ૩૩ જિલ્લા પંચાયતના ૩૩ હજારથી વધુ આરોગ્ય કર્મચારીઓ ભાજપ સરકાર સામે મોરચો માડવા નક્કી કર્યુ છે. આરોગ્ય કર્મચારીઓએ એવી ય ચિમકી ઉચ્ચારી છે કે,૧૬મી જાન્યુઆરીથી રાજયમાં કોરોનાની રસી આપવાની કામગીરી શરૂ થઈ રહી છે ત્યારે આરોગ્ય કર્મચારીઓ કોરોના વોરિયર્સ તરીકે પણ રસી નહિ લે એટલું જ નહીં, કોરોનાની રસી આપવાની કામગીરીથી અળગા રહેશે. હવે જયારે રસીકરણ શરૂ થવા જઈ રહી ત્યારે જ આરોગ્ય કર્મચારીઓ વિરોધનો બુંગિયો ફૂંક્યો છે ત્યારે રાજ્ય આરોગ્ય વિભાગ દોડતુ થયુ છે.

ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘે આંદોલનના કાર્યક્રમો જાહેર કરતાં આ હડતાળમાં અરવલ્લી જીલ્લા પંચાયતમાં ફરજ બજાવતા કર્મચારીઓ તેમની મુખ્યમાંગ ૨૮૦૦ ગ્રેડ પે સહીત વિવિધ પડતર માંગણીઓને લઈને હડતાળ પર ઉતરી ગયા છે અને તેમની માંગણીઓને લઈને જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું તાલુકા મથકે પણ આરોગ્ય કર્મીઓએ આવેદનપત્ર આપ્યા હતા. હડતાળ પર ઉતરેલા આરોગ્ય કર્મચારીઓએ તેમની પડતર માંગણીઓને લઈને આક્રમક મૂડમાં જોવા મળ્યા હતા એટલું જ નહિ પરંતુ સંગઠને હવે પોતાની માગણીઓને લઈ આર યા પારનું એલાન કર્યું છે.



વિશ્વભરમાં ભારતીય સંસ્કૃતિને સ્થાપિત કરનારા,યુવાનોના આદર્શ,પ્રેરણાસ્ત્રોત સ્વામી વિવેકાનંદજીની ૧૫૮મી જન્મ જયંતી અને રાષ્ટ્રીય યુવા દિનની ઉજવણી નિમિત્તે ભિલોડા તાલુકા ભાજપ યુવા મોરચા ધ્વારા બાઈક રેલીનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.મુધણેશ્વર મહાદેવ મંદિર ચોકમાં સ્વામી વિવેકાનંદજીની પ્રતિમા પર પુષ્પાંજલી અર્પણ કરીને સૌ-કોઈએ વંદન કર્યા હતા.

## ભિલોડાના રીંટોડા ચોકડી પરથી ઈક્કો કારમાંથી વિદેશી દારૂ સહિત એક ઈસમ ઝડપાયો

શિયાળાની ઋતુ દરમ્યાન ઠંડીનો ચમકારો વધતા અને ઉત્તરાયણના તહેવાર નિમિત્તે વિદેશી દારૂની માંગમાં ઔર વધારો થતા ગુજરાત રાજ્યમાં દારૂ બંધી નામ પુરતી હોય તેમ રોજબરોજ બુટલેગરો અવનવા કિમીયા અજમાવી પરપ્રાંતિય વિદેશી દારૂ રાજ્યભરમાં ઘુસાડી રહ્યા છે. ભિલોડાના રીંટોડા ચોકડી પરથી ઈક્કો કારમાંથી પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન બાતમીના આધારે રૂા.૫૮,૮૦૦/- નો વિદેશી દારૂ,ઈક્કો કારની કિંમત રૂા.૨,૦૦,૦૦૦/- કુલ મુદ્દામાલ રૂા.૨,૫૮,૮૦૦/- સહિત એક ઈસમ ઝડપાયો હતો. બુટલેગર વિરૂધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## ભિલોડામાં કિસાન સુર્યોદય યોજનાનો શુભારંભ યોજાશે

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ પરીસરમાં ૧૩/૦૧/૨૧ને બુધવારના રોજ બપોરે ૩ વાગ્યે ખેડુતો માટે વીજ ક્રાંતિ લાવનાર ભાજપ સરકારની ઐતિહાસિક કિસાન સુર્યોદય યોજનાનો શુભારંભ યોજાશે.

# તહેવારોમાં દારૂની હેરાફેરી માટે બુટલેગરો બન્યા હાઈટેક

દરવખતે તહેવારો નજીક હોય ત્યારે બુટલેગરો સક્રિય બનતા હોય છે અને અવનવા પ્રકારે વિદેશી દારૂની હેરાફેરી કરવામાં આવે છે. અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે બુટલેગરો સામે લાલ આંખ કરતા જીલ્લા પોલીસતંત્રને જીલ્લામાં



પ્રોહિબિશનની કામગીરી માટે શખ્ત આદેશ આપતા હાલ પોલીસની કામગીરી જોઈને બુટલેગરો પણ સચેત બન્યા છે. જેમકે ટ્રાન્સપોર્ટના વાહનો, વૈભવી કારોમાં, ચોર ખાનાઓમાં, ટાયરમાં દારૂનો જથ્થો સંતાડીને દારૂનો જથ્થો હેરાફેરી કરતા હોય છે. અરવલ્લી એલસીબી પોલીસે વાંટડા ટોલપ્લાઝા નજીકથી બાતમીના આધારે ટ્રક-કન્ટેનરમાંથી ૧૪.૪૭ લાખથી વધુનો દારૂ ઝડપી પાડી એક ખેપીયાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.એલસીબી પીઆઈ આર.કે. પરમાર અને તેમની ટીમે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ બાતમી મળી હતી કે ટીસીઆઈ એક્સપ્રેસ લખેલ કન્ટેનરમાં દારૂની ખેપ થઈ રહી છે એલસીબી પોલીસે વાંટડા ટોલપ્લાઝા નજીક નાકાબંધી કરી વોચમાં ગોઠવાઈ હતી. બાતમી આધારીત ટ્રક-કન્ટેનર પહોંચતા કોર્ડન કરી અટકાવી ટ્રક-કન્ટેનરને અટકાવી તલાસી લેતા ટ્રક-કન્ટેનર ખાલી જણાઈ આવ્યું હતું. સચોટ હોવાથી કન્ટેનરની અંદર ઉંડાણમાં ખાનું હોવાનું-સ્ટીલના પતરાથી બનાવેલ હોવાથી ગેસ કટર વડે ગુપ્તખાનું ઢાંકવા બનાવેલ પતરું કાપતાં અંદરથી વિદેશી દારૂની અધધ પેટીઓ મળી આવતા પોલીસ ચોકી ઉઠી હતી પોલીસ ટ્રક-કન્ટેનર માંથી વિદેશી દારૂની બોટલ નંગ-૨૪૧૨ નો જથ્થો જપ્ત કરી ટ્રક કન્ટેનરના ક્લીનર રવી શ્રીપાલ પાલને ઝડપી લીધો હતો ટ્રક-કન્ટેનર મળી રૂ.૨૪૪૭૨૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રક-કન્ટેનર ચાલક નાસી છૂટતા પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.


**સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ**

(ગુજરાત સરકારની સંપૂર્ણ માલિકીનું સાહસ)

**જાહેર નિવિદા નં. ૧૭ સને ૨૦૨૦-૨૧**

આથી રસ ધરાવતા તથા નીચે જણાવેલ કામના અનુભવી ઈસમો પાસેથી કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના મુખ્ય નહેર વિભાગ નં.૨, બ્લોક નં. ૯, ૮મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦ ફોન નં. ૨૩૨-૫૨૧૧૩ તરફથી નીચેના સામો માટે સ્પર્ધાત્મક ભાવો મંગાવવામાં આવે છે.

કોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તા. ૧૮/૧/૨૦૨૧ રાખવામાં આવેલ છે. ભરેલા ભાવપત્રકો રજીસ્ટર પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટથી તા. ૨૫/૧/૨૦૨૧ના રોજ ૧૮:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. ત્યારબાદ આવેલ ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહીં કે ધ્યાને લેવામાં આવશે નહીં. શક્ય હશે તો તા. ૨૭/૧/૨૦૨૧ના રોજ ભાવપત્રકો ૧૨:૦૦ કલાકે હાજર રહેલ ઈસમોની હાજરીમાં ખોલવામાં આવશે. અન્યથા તે પછીના કામકાજના દિવસે ખોલવામાં આવશે.

| અ.નં. | કામની વિગત | ટેન્ડર ફી | બાનાની રકમ |
|---|---|---|---|
| ૧ | કોમ્પ્યુટર જોબવર્ક અંગેનું કામકાજ | રૂ. ૭૦૮/- | રૂ. ૪૦૦૦/- |

**નોંધ :** કોરા ભાવપત્રકો કચેરીના કામકાજના સમય દરમિયાન લેટરપેડ ઉપર લેખિત માંગણી અને દસ્તાવેજી પુરાવા જેવા કે હયાત ઈન્કમટેક્ષ પાન એકાઉન્ટ નંબરની પ્રમાણિત નકલ અને છેલ્લા વર્ષનું ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કર્યા બાબતના પ્રમાણિત પુરાવાની તથા સરકારી કચેરી કામ કર્યા અંગેનો પ્રમાણિત પુરાવો નકલો સામે રાખવાની રહેશે અને રોકડેથી ટેન્ડર ફી ભર્યેથી ટેન્ડર કોપી આપવામાં આવશે.

‘જળ બચાવો જીવન બચાવો’ માહિતી/૧૭૨૨/૨૦-૨૧



ગુજરાત સરકાર

**નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

સચિવાલય, ગાંધીનગર

**જાહેરનામું**

**જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)**

**જિલ્લા : મહેસાણા**

**ક્રમાંક : જસં/૨૦૨૦/મહેસાણા/૫૧/૩૬/મ** **તા. ૨૩/૧૨/૨૦૨૦**

આ સાથેની અનુસૂચિમાં દર્શાવવામાં આવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે, નર્મદા યોજનાની કોરડા ટેઈલ માઈનોર નહેરના બાંધકામ માટે જરૂર પડવાનો સંઙવ છે એવું ગુજરાત સરકારને જણાય છે.

૧. તેથી જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનમય, ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (જેનો આમાં હવે પછી ‘સદરહુ અધિનિયમ’ તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે) તેની કલમ-૨(૧) અન્વયે ગુજરાત સરકાર આથી ઉક્ત જમીનો ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટના હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

૨. હવે જ્યારે ઉક્ત અનુસુચિત જમીનમાં સુચિત પ્રોજેક્ટ નર્મદા યોજનાની કોરડા ટેઈલ માઈનોર નહેરના બાંધકામ માટે જમીન સંપાદન માટેની દરખાસ્ત રજૂ થયેલ છે, ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો અનુસૂચિ મુજબનો કુલ વિસ્તાર હે. ૦૦-૦૦-૧૪ ચો.મી. છે અને તે મહેસાણા જિલ્લાની કડી તાલુકાના ગામ કોરડાની હદમાં આવેલ છે.

૩. હવે જ્યારે, ઉપરોક્ત માળખાકીય પ્રોજેક્ટ માટે સદરહુ સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ હે. ૦૦-૦૦-૧૪ ચો.મી. જમીનને ‘સદરહુ અધિનિયમ’ના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

૪. તેથી ‘સદરહુ અધિનિયમ’ની કલમ-૧૦(એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનમય, ૨૦૧૩ (ગુજરાત સુધારા અધિનિયમ-૨૦૧૬) (૨૦૧૬નો ગુજરાત અધિનિયમ-૧૨ની કલમ-૩થી દાખલ કરેલ)થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં નર્મદા યોજનાની કોરડા ટેઈલ માઈનોર નહેરના બાંધકામ માટે તથા નહેરના આંતર માળખાકિય પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી નીચે જણાવેલ અનુસૂચિમાં સમાવિષ્ટ થયેલ ક્ષેત્રફળ વિસ્તાર હે. ૦૦-૦૦-૧૪ ચો.મી. જમીનને ‘સદરહુ અધિનિયમ’ના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

**અનુસૂચિ**

**કેસ નંબર : ૭/૨૦૧૮** **તારીખ : ૨૩/૧૨/૨૦૨૦**

**જિલ્લો : મહેસાણા** **તાલુકો : કડી** **ગામ : કોરડા**

| સર્વે નંબર | જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી. | જે માટે જમીનો જરૂરી હોય તે સાર્વજનિક હેતુ |
|---|---|---|
| ૧૨૯૦ | ૦.૦૦.૧૪ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. હસ્તકની નર્મદા યોજનાની કોરડા ટેઈલ માઈનોર નહેરના બાંધકામ માટે |
| કુલ-૧ | ૦.૦૦.૧૪ | |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**સહી/- (અવાચ્ય)**
**ઉપસચિવ (જ.સં.)**
**નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગાંધીનગર**

**ક્રમાંક : નામાનિ/મહે/૩૬૨/૨૦-૨૧**



સત્યમેવ જયતે

ગુજરાત સરકાર

**શ્રમ અને રોજગાર વિભાગ**



શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત

મુખ્યમંત્રીશ્રી
**વિજયભાઈ રૂપાણી**
ના વરદ્ હસ્તે



શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

**રોજગાર સેતુ અને ઓનલાઈન ભરતીમેળા પખવાડિયાનો**

**ઈ-શુભારંભ**

**રોજગાર સેતુ**

- દેશમાં પ્રથમવાર
- ફક્ત એક સિંગલ કોલથી મળશે શૈક્ષણિક તથા કારકિર્દીલક્ષી માહિતી અને માર્ગદર્શન
- ખાનગી તથા જાહેર ક્ષેત્રની રોજગારી અંગે મળશે માહિતી
- ઉપલબ્ધ રિસોર્સમાંથી પ્રોજેક્ટનું અમલીકરણ
- ૬૩-૫૭-૩૯૦-૩૯૦
- એક થી ચાર પ્રેસ કરવાથી મળશે રોજગાર સેવાઓ અંગેની માહિતી
- પાંચ પ્રેસ કરવાથી ઉમેદવાર કરશે જિલ્લા રોજગાર કચેરી સાથે સીધો સંવાદ
- પ્રોજેક્ટમાં ૭૫ કાઉન્સેલર દ્વારા સેવાઓ

**ઓનલાઈન ભરતીમેળા પખવાડિયું**

- કોરોના સંક્રમણની પરિસ્થિતિમાં રાજ્યના ઉમેદવારોને ડિજિટલ માધ્યમથી રોજગારી પૂરી પાડવાનો રાજ્ય સરકારનો નવતર અભિગમ
- ભરતીમેળા પખવાડિયા દરમિયાન પ્રત્યેક જિલ્લા રોજગાર કચેરી દ્વારા ભરતીમેળાનું આયોજન

**કોલ સેન્ટર ૬૩-૫૭-૩૯૦-૩૯૦**

“કોરોના સંક્રમણની સ્થિતિમાં માહિતી તથા રોજગારીનો એક માત્ર સ્ત્રોત બનશે-રોજગાર સેતુ”
શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

“ડિજિટલ ગુજરાત... અગ્રેસર ગુજરાત”
શ્રી દિલીપકુમાર ઠાકોર, મંત્રી, શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત

નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરી, ગાંધીનગર